Monday
20.07.2026
*Volume :11 * Issue No.16
*Email.: kamalamgujarat@gmail.com
*www.kamalamgujarat.com
*Editor :Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત

# કમલમ્

KAMALAM

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

Daily

વંદે માતરમ્

RNI No.:GUJGUJ/2016/73451

*Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04*Rs. 00.25/- *Annual Rs. 90/-

# કેન્દ્રીય ગૃહ મંત્રી અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે પશ્ચિમ બંગાળના સિલીગુડીમાં ઝુમાગાછ BOP ખાતે સરહદ સુરક્ષાને વધુ મજબૂત કરવા માટે રચાયેલ સ્વદેશી અને અત્યાધુનિક તકનીકોનું નિરીક્ષણ કર્યું

## કેન્દ્રીય ગૃહ મંત્રીએ વર્ચ્યુઅલ માધ્યમથી આશરે ૭૭ કરોડના બીએસએફ (BSF) પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ કર્યો






## દેશની સરહદોની રક્ષા કરતા સુરક્ષા જવાનો અને તેમના પરિવારોના કલ્યાણને મોદી સરકાર સર્વોચ્ચ પ્રાથમિકતા આપે છે

કમલમ્,

કેન્દ્રીય ગૃહ મંત્રી અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે પશ્ચિમ બંગાળના સિલીગુડીમાં ઝુમાગાછ બોર્ડર આઉટપોસ્ટ (BOP) ખાતે સરહદ સુરક્ષાને વધુ મજબૂત કરવા માટે રચાયેલ સ્વદેશી અને અત્યાધુનિક તકનીકોનું નિરીક્ષણ કર્યું હતું. કેન્દ્રીય ગૃહ મંત્રીએ રેડિયો-આધારિત ફેન્સ બ્રીચ ડિટેક્શન સિસ્ટમનું નિરીક્ષણ કર્યું હતું, જે જ્યારે પણ સરહદની વાડ સાથે છેડછાડ કરવામાં આવે ત્યારે પૂર્વ-રેકોર્ડ કરેલ સંદેશ પ્રસારિત કરીને કર્મચારીઓને તાત્કાલિક એલર્ટ કરે છે.

તેમણે વર્ચ્યુઅલ રીતે ૪૭ કરોડના ત્રણ બીએસએફ (BSF) પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ પણ કર્યો હતો. વધુમાં, ગૃહ મંત્રીએ વર્ચ્યુઅલ માધ્યમથી પશ્ચિમ બંગાળમાં બે બોર્ડર આઉટપોસ્ટ માટે નવી હસ્તગત કરાયેલી જમીન પર-૩૦ કરોડના ખર્ચે - ૪ કિલોમીટર લાંબી સરહદ વાડના નિર્માણનો શિલાન્યાસ કર્યો હતો. 'પ્રહરી સંમેલન' દરમિયાન કેન્દ્રીય ગૃહ મંત્રીએ બીએસએફ (BSF)ના જવાનો સાથે વાતચીત કરી હતી. આ પ્રસંગે પશ્ચિમ બંગાળના મુખ્ય મંત્રી અને બોર્ડર સિક્યુરિટી ફોર્સના ડાયરેક્ટર જનરલ સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. કેન્દ્રીય ગૃહ મંત્રીએ નદીઓ અને નાળાઓ ધરાવતા વિસ્તારો અથવા સરહદની વાડમાં રહેલી જગ્યાઓ જેવા મુશ્કેલ પ્રદેશોને સુરક્ષિત કરવા માટે સ્થાપિત ઈન્ફ્રા-રેડ એલાર્મ સિસ્ટમનું નિરીક્ષણ કર્યું હતું; આ સિસ્ટમ જ્યારે પણ ઈન્ફ્રા-રેડ કિરણોમાં અવરોધ આવે ત્યારે સૈનિકોને આગોતરી ચેતવણી આપે છે.

શ્રી અમિત શાહે ભારત-બાંગ્લાદેશ સરહદ પર નાગરિકો અને ખેડૂતો માટે સુરક્ષિત અને સુગમ અવરજવરની સુવિધા માટે રચાયેલ ગેટ મેનેજમેન્ટ સિસ્ટમની પણ સમીક્ષા કરી હતી. તેમણે વોચટાવરની મુલાકાત પણ લીધી હતી, વૃક્ષારોપણ અભિયાનમાં ભાગ લીધો હતો અને 'પ્રહરી સંમેલન' દરમિયાન સૈનિકો સાથે વાતચીત કરી હતી. આ કાર્યક્રમ દરમિયાન બોલતા કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિત શાહે જણાવ્યુ હતું કે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ ભારત સરકાર દેશની સરહદોને અભેદ્ય બનાવવા માટે પ્રતિબદ્ધ છે. મોદી સરકાર સરહદોને મજબૂત કરવા માટે ચતુષ્કોણીય સુરક્ષા ગ્રીડ સ્થાપિત કરી રહી છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે દેશની સરહદોની રક્ષા કરતા સુરક્ષા જવાનો અને તેમના પરિવારોના કલ્યાણને મોદી સરકાર સર્વોચ્ચ પ્રાથમિકતા આપે છે.

સરકાર સરહદોને સંપૂર્ણપણે સુરક્ષિત કરવા અને 'સ્માર્ટ બોર્ડર્સ'ના ખ્યાલ દ્વારા સરહદી વિસ્તારોમાં ઘૂસણખોરી રોકવા માટે કામ કરી રહી છે.

# ગાંધીનગરમાં સંત શિરોમણિ ગુરુ રવિદાસજી મહારાજના ૬૫૦મા જન્મજયંતી વર્ષને સમર્પિત સમાગમ યોજાયો

## વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારતે વિકાસની સાથે વિરાસત, આધ્યાત્મિક પરંપરા અને સાંસ્કૃતિક ગૌરવને પણ વૈશ્વિક સ્તરે નવી ઓળખ અપાવી છે- મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ










સંત શિરોમણિ ગુરુ રવિદાસજી મહારાજના ૬૫૦મા જન્મજયંતી વર્ષ અવસરે રાષ્ટ્રીય સ્મારિકા- ગુજરાતનું વિમોચન

## વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં સમાજના અંતિમ વ્યક્તિ સુધી સરકારની યોજનાઓ કોઈપણ પ્રકારના જાતિ, ધર્મ કે પ્રદેશના ભેદભાવ વિના પહોંચી રહી છે- મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ

કમલમ્,

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે સંત શિરોમણિ ગુરુ રવિદાસજી મહારાજે સમગ્ર માનવજાતને સમરસતા, સમભાવ અને માનવતાનો જે અમૂલ્ય સંદેશ આપ્યો છે, તેને જીવનમાં ઉતારવો એ જ તેમની સાચી આરાધના છે. જો આપણે દરેક વ્યક્તિમાં ઈશ્વરનું દર્શન કરી શકીએ તો સમાજમાંથી ભેદભાવ અને વિખવાદ આપોઆપ દૂર થઈ જશે. ગાંધીનગરમાં સંત શિરોમણિ ગુરુ રવિદાસજી મહારાજના ૬૫૦મા જન્મજયંતી વર્ષને સમર્પિત સમાગમને સંબોધતા મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે સનાતન પરંપરાની સૌથી મોટી વિશેષતા તેની સર્વસમાવેશકતા છે. સનાતન કોઈ એક વિચાર કે સંપ્રદાય પૂરતું મર્યાદિત નથી, પરંતુ સમગ્ર માનવતાને સાથે લઈને ચાલવાનો માર્ગ દર્શાવે છે. સમાજમાં સમરસતા અને સંવાદિતા સ્થાપિત કરવા માટે સંતોના વિચારોને આત્મસાત્ કરવાનું તેમણે જણાવ્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારતે વિકાસની સાથે પોતાની વિરાસત, આધ્યાત્મિક પરંપરા અને સાંસ્કૃતિક ગૌરવને પણ વૈશ્વિક સ્તરે નવી ઓળખ અપાવી છે. કાશી વિશ્વનાથ કોરિડોર, મહાકાલ લોક, પાવાગઢ મહાકાળી મંદિર ખાતે ધ્વજારોહણ તેમજ સોમનાથ મંદિરના ગૌરવના પુનઃસ્થાપન જેવા અનેક કાર્યો દેશની સાંસ્કૃતિક ચેતનાને મજબૂત બનાવનારા છે.

તેમણે ઉમેર્યું કે વિકાસ ત્યારે જ ટકાઉ બની શકે જ્યારે તેની સાથે પ્રકૃતિનું સંવર્ધન અને સંસ્કૃતિનું જતન પણ કરવામાં આવે. કોરોના મહામારીના અનુભવોએ પ્રકૃતિનું મહત્વ વધુ સ્પષ્ટ કર્યું છે. તેથી જ વડાપ્રધાનશ્રીએ બેક ટુ બેઝિક અને 'એક પેડ માં કે નામ' જેવા અભિયાનો દ્વારા પર્યાવરણ સંરક્ષણને જનઆંદોલન બનાવ્યું છે. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યુ કે અંત્યોદયના મંત્રને સાકાર કરતાં વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં સમાજના અંતિમ વ્યક્તિ સુધી સરકારની યોજનાઓ કોઈપણ પ્રકારના જાતિ, ધર્મ કે પ્રદેશના ભેદભાવ વિના પહોંચી રહી છે.

નિઃશુલ્ક અનાજ, આયુષ્માન ભારત યોજના, ઉજ્જ્વલા યોજના અને પ્રધાનમંત્રી આવાસ યોજના જેવી અનેક લોકકલ્યાણકારી યોજનાઓ દ્વારા સમાજના દરેક વર્ગને સમાન તકો મળી રહી છે. મુખ્યમંત્રીશ્રીએ સૌને વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવા માટે સમરસતા, સામાજિક એકતા અને પ્રકૃતિ પ્રત્યેની જવાબદારીના મૂલ્યો સાથે જોડાઈને કાર્ય કરવાની અપીલ કરી હતી. ગુજરાત વિકસિત ભારતના નિર્માણમાં અગ્રણી ભૂમિકા ભજવે તે માટે સૌના સહયોગ અને સંતોના આશીર્વાદ જરૂરી હોવાનું તેમણે જણાવ્યું. સંત શિરોમણિ ગુરુ રવિદાસજી મહારાજના ૬૫૦મા જન્મજયંતી વર્ષને સમર્પિત સમાગમ અવસરે ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે રાષ્ટ્રીય સ્મારિકા- ગુજરાતનું વિમોચન કરાયું હતું.

આ પ્રસંગે પૂજ્ય નિર્મલ સંત ડૉ. સ્વામી રામેશ્વરાનંદજી, ધારાસભ્ય સર્વશ્રી રમણલાલ વોરા, શ્રીમતી ભાનુબહેન બાબરીયા, શ્રી સી.જે. ચાવડા, પૂજ્ય મહામંડલેશ્વર ૧૦૦૮ લલિત કિશોર ચરણદાસજી મહારાજ, પૂજ્ય શેરનાથ બાપુ, પૂજ્ય મહામંડલેશ્વર ૧૦૦૮ મહેન્દ્રનાથ ગિરીજી મહારાજ, પૂજ્ય વિજય બાપુ, પૂજ્ય રાજેન્દ્રદાસજી મહારાજ, પૂજ્ય રામબાપુ, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના ઉત્તર ક્ષેત્રના સહ-સંપર્કપ્રમુખ શ્રી જસબીર સિંહજી, ગાંધીનગર વિભાગ સંઘચાલક શ્રી પ્રકાશભાઈ પરમાર, સંત શ્રી રોહિદાસ સેવા સમાજના અધ્યક્ષ શ્રી દિનેશકુમાર પરમાર, સંગત ઉદઘોષના રાષ્ટ્રીય મહામંત્રી શ્રી બલજીત સિંહ સંધુ સહિતના સંત-મહંતો, આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.



# દીપડા જેવા વન્યપ્રાણીઓને જંગલમાં ખોરાક મળી રહે તે માટે સુરતના જંગલોમાં ૫૦ ચિત્તલ છોડવામાં આવ્યાં

કમલમ્, ગાંધીનગર

દીપડા જેવા વન્યપ્રાણીઓને જંગલમાં તેનો કુદરતી ખોરાક મળી રહે અને માણસો અને વન્યજીવન વચ્ચેનું ઘર્ષણ ઘટે તે ઉદ્દેશ્યથી સુરત વન વિભાગ દ્વારા તાજેતરમાં માંડવીનાં જંગલમાં તૃણાહારી પ્રાણીઓને છોડવામાં આવ્યાં છે. ગુજરાત વન વિભાગ દ્વારા તાજેતરમાં સાસણ ગીરથી ૫૦ ચિત્તલ (સ્પોટેડ ડીયર) લાવીને સુરત જિલ્લાના માંડવીનાં જંગલોમાં છોડવામાં આવ્યા છે. આ પહેલનો હેતુ એ છે કે, દીપડા જેવા વન્યપ્રાણીઓને જંગલમાં કુદરતી શિકાર મળી રહે અને એ રીતે માનવ-વન્યજીવ વચ્ચેનું ઘર્ષણ ઓછુ કરી શકાય. વન વિભાગનાં અધિકારીઓએ જણાવ્યું કે, ચાલુ વર્ષનાં મે અને જૂન મહિનાની વચ્ચે ત્રણ તબક્કામાં ચિત્તલને સાસણથી લાવી માંડવીનાં જંગલોમાં છોડવામાં આવ્યાં. વન વિભાગ દ્વારા ૨૩ મેના રોજ ૨૧ ચિત્તલ, ત્યારબાદ ૧૮ જૂને ૧૬ અને ૨૪ જૂને અન્ય ૧૩ ચિત્તલને જંગલમાં છોડવામાં આવ્યાં. આમ કુલ, ૫૦ ચિત્તલને જંગલમાં છોડવામાં આવ્યાં. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ હંમેશાં એ વાત પર ભાર મૂક્યો છે કે વન્યજીવ સંરક્ષણ અને વિકાસ બંને સાથે-સાથે ચાલી શકે છે, અને મનુષ્યો તેમજ વન્યજીવો બંને એકસાથે સમૃદ્ધ થવા જોઈએ. આ વિઝનથી પ્રેરિત થઈને, ગુજરાત સરકાર જૈવવિવિધતાના રક્ષણ સાથે માનવ-વન્યજીવના સહ-અસ્તિત્વને પ્રોત્સાહન આપવા માટે વિજ્ઞાન આધારિત વન સંરક્ષણ પહેલો અમલમાં મૂકી રહી છે. ગુજરાતના વન અને પર્યાવરણ મંત્રી શ્રી અર્જુન મોઢવાડિયાએ જણાવ્યું કે, "મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ, ગુજરાત વન વિભાગ માનવ-વન્યજીવ સંઘર્ષ ઘટાડવા માટે વિજ્ઞાન આધારિત વન્યજીવ સંરક્ષણ માટે પગલાં લઈ રહ્યું છે. જંગલમાં વન્યપ્રાણીઓ જેવા કે દીપડા માટે કુદરતી શિકાર મળી રહે તે માટે આ પ્રયાસ થઈ રહ્યા છે. વન્યજીવ (સંરક્ષણ) અધિનિયમ, ૧૯૭૨ની જોગવાઈઓ હેઠળ હાથ ધરવામાં આવેલું આ સ્થાનાંતરણ, યોગ્ય વન વિસ્તારોમાં તૃણાહારી પ્રાણીઓની વસ્તી વધારીને પર્યાવરણીય સંતુલન પુનઃસ્થાપિત કરવાના રાજ્યના લાંબા ગાળાના પ્રયાસોનો એક ભાગ છે." વન અને પર્યાવરણ રાજ્ય મંત્રી શ્રી પ્રવિણ માળીએ જણાવ્યું કે, "શિકારી પ્રાણીઓને જંગલમાં જ તેમનો ખોરાક મળી રહે તે જરૂરી છે. જેનાથી ખોરાકની શોધમાં તેઓ માનવ વસવાટવાળા વિસ્તારો તરફ આવતા ઘટે. તૃણાહારી પ્રાણીઓને જંગલમાં છોડવાનો પ્રયાસ એ માનવ-વન્યજીવ સંઘર્ષની ઘટનાઓને ઘટાડવામાં મદદરૂપ સાબિત થઈ શકે છે." અગ્રમુખ્ય વન સંરક્ષક (વન્યજીવ) અને ચીફ વાઈલ્ડલાઈફ વોર્ડન જયપાલ સિંહે જણાવ્યું કે, "આ પહેલ માંડવી વન રેન્જમાં અગાઉ હાથ ધરવામાં આવેલા સંરક્ષણ કાર્યોને આગળ ધપાવે છે. વન વિભાગે સ્થાનિક તૃણાહારી પ્રાણીઓની સંખ્યા વધારવા માટે એક ચિત્તલ સંવર્ધન કેન્દ્ર પણ (બ્રીડિંગ સેન્ટર) કર્યું છે." સુરત સર્કલના વન સંરક્ષક પુનીત નૈયરે જણાવ્યું કે, " માનવ અને વન્યજીવ સંઘર્ષ સમયે ઝડપથી પહોંચી વળવા માટે વન વિભાગે આધુનિક રેસ્ક્યૂ સાધનોથી સજ્જ એક સમર્પિત ક્વિક રિસ્પોન્સ ટીમ (QRT) પણ તૈનાત કરી છે, જેથી વન્યજીવ કટોકટીના સમયે તાત્કાલિક પગલાં લઈ શકાય અને સ્થાનિક સમુદાયો તેમજ વન્યપ્રાણીઓ બંનેની સુરક્ષા સુનિશ્ચિત કરી શકાય." પુનીત નૈયરે વધુમાં ઉમેર્યું કે, ચિત્તલને સાસણ (ગીર)થી સુરતનાં જંગલમાં લાવતા પહેલા મુક્ત કરાયેલા પ્રાણીઓને લાંબા સમય સુધી આશ્રય આપી શકે તેવા સ્થળોની ઓળખ કરવા માટે રહેઠાણનું વિગતવાર મૂલ્યાંકન કર્યું હતું. આ હરણોને આખુ વર્ષ પાણી મળી રહે તેની વ્યવસ્થા પણ કરી છે. હરણો માટે જંગલમાં ૧૦ કાયમી વોટર પોઈન્ટ્સ (પાણીના સ્ત્રોત) વિકસાવ્યા છે. વન વિભાગે પ્રાણીઓને મુક્ત કર્યા પછી તેમની સઘન દેખરેખ (પોસ્ટ-રીલીઝ મોનિટરિંગ) રાખવા માટે એક ખાસ કાર્યક્રમ પણ તૈયાર કર્યો છે. સમર્પિત વન રક્ષકો (ફોરેસ્ટ ગાર્ડ્સ) અને પ્રશિક્ષિત ટ્રેકર્સ સતત ફિલ્ડ મોનિટરિંગ કરી રહ્યા છે, જ્યારે હરણોની હિલચાલ, રહેઠાણનો ઉપયોગ, તેમનું સ્વાસ્થ્ય અને જંગલમાં તેમના અસ્તિત્વનું મૂલ્યાંકન કરવા માટે વ્યૂહાત્મક સ્થળોએ કેમેરા ટ્રેપ્સ ગોઠવવામાં આવ્યા છે. વન અધિકારીઓએ જણાવ્યું હતું કે, આ પહેલ સુરત વન વિભાગની પર્યાવરણીય સ્થિતિસ્થાપકતાને મજબૂત કરવા તરફનું એક મહત્વપૂર્ણ પગલું છે. વિજ્ઞાન આધારિત વન્યજીવ વ્યવસ્થાપન દ્વારા કુદરતી શિકારના આધારને સુધારીને, વિભાગનો ઉદ્દેશ્ય જૈવવિવિધતાના સંરક્ષણને પ્રોત્સાહન આપવાનો અને દક્ષિણ ગુજરાતમાં લાંબા ગાળાના માનવ-વન્યજીવ સંઘર્ષને ઘટાડવામાં યોગદાન આપવાનો છે.

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદમાં 'માતુશ્રી મણીબેન માવજીભાઈ સ્વરૂપચંદ વોરા VBC ભવન'નું લોકાર્પણ કર્યું

## શિક્ષણ કોઈપણ સમાજની પ્રગતિનો મજબૂત પાયો, સામાજિક ઉત્થાનના દરેક કાર્યોમાં રાજ્ય સરકાર હંમેશાં સમાજની સાથે :- મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ



### VBC સમાજ દ્વારા મુખ્યમંત્રી કન્યા કેળવણી નિધિ યોજનામાં રૂ. ૧,૧૧,૧૧૧/- નો ચેક અર્પણ કરાયો

કમલમ્,

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદમાં શ્રી કચ્છ વાગડ બે ચોવીસી સ્થાનકવાસી જૈન વિશા શ્રીમાળી સમાજ(VBC સમાજ) દ્વારા નવનિર્મિત 'માતુશ્રી મણીબેન માવજીભાઈ સ્વરૂપચંદ વોરા ફ્મ્ઝ ભવન'નું લોકાર્પણ કર્યું લોકાર્પણ બાદ મુખ્યમંત્રીશ્રીએ સમગ્ર ભવનની વર્ચ્યુઅલ ટૂર દ્વારા ઉપલબ્ધ આધુનિક સુવિધાઓની વિસ્તૃત માહિતી મેળવી હતી અને સમાજના આ ભગીરથ કાર્યને બિરદાવ્યું હતું. વેજલપુરના ધારાસભ્ય શ્રી અમિતભાઈ ઠાકરપણ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. સામાજિક ઉત્તરદાયિત્વની પરંપરાને પ્રબળ બનાવતા, VBC સમાજ તરફથી રાજ્યની દીકરીઓના શિક્ષણ માટે કાર્યરત 'મુખ્યમંત્રી કન્યા કેળવણી નિધિ' યોજનામાં રૂ. ૧,૧૧,૧૧૧/-નો ચેકઆ ભંડોળમાં સહયોગરૂપે મુખ્યમંત્રીશ્રીને અર્પણ કરવામાં આવ્યો હતો.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આ પ્રસંગે VBC સમાજના ઉત્સાહ અને એકતાને બિરદાવતા જણાવ્યું હતું કે શિક્ષણ અને સ્વાસ્થ્યના ક્ષેત્રે સમાજનો કોઈ પણ વ્યક્તિ આર્થિક સંકડામણના કારણે વંચિત ન રહે તે માટે આ સમાજે હંમેશાં પ્રશંસનીય પ્રયાસો કર્યા છે. અમદાવાદના હાર્દ સમાન જોધપુર વિસ્તારમાં આ ભવ્ય ભવનનું નિર્માણ એ ખરેખર ગૌરવની બાબત છે. તાજેતરમાં જ ઉજવાયેલા અષાઢી બીજ અને કચ્છી નૂતન વર્ષની શુભકામનાઓ પાઠવતા મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના 'સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ અને સૌનો પ્રયાસ'ના મંત્રને આત્મસાત કરીને આપણે આગળ વધવાનું છે. વડાપ્રધાનશ્રીએ દેશમાં શિક્ષણ, સ્વાસ્થ્ય અને સુરક્ષા પર વિશેષ ભાર મૂક્યો છે.

પર્યાવરણ અને ભવિષ્યની જરૂરિયાતોનો ઉલ્લેખ કરતા મુખ્યમંત્રીશ્રીએ વડાપ્રધાનશ્રીના 'મિશન લાઈફ' નો સંદર્ભ આપીને રોજબરોજની જિંદગીમાં પાણી, વીજળી અને પેટ્રોલ બચાવી પ્રકૃતિનું સંરક્ષણ કરવા આહ્વાન કર્યું હતું. દેશમાં હાઈડ્રોજન ટ્રેનના કાર્યારંભનો ગૌરવભેર ઉલ્લેખ કરી મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, કોઈ પણ ક્ષેત્રમાં હવે ભારત પાછું પડે તેમ નથી અને વર્ષ ૨૦૪૭ સુધીમાં 'વિકસિત ભારત'નો સંકલ્પ અવશ્ય પૂરો થશે. મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, ભૂતકાળમાં વાગડ વિસ્તારની પાણીની જે વિકટ સમસ્યા લોકગીતોમાં વણાયેલી હતી, તેને વડાપ્રધાનશ્રીએ નર્મદાના નીર છેક કચ્છ સુધી પહોંચાડીને ભૂતકાળ બનાવી દીધી છે, શિક્ષણને કોઈપણ સમાજના પ્રગતિનો મજબૂત પાયો ગણાવતા મુખ્યમંત્રીશ્રીએ સમાજના હિતના કાર્યોમાં રાજ્ય સરકાર હંમેશાં ખભેખભા મિલાવી સાથે ઊભી રહેશે તેવી ખાતરી આપી હતી. આ પ્રસંગે વેજલપુરના ધારાસભ્ય શ્રી અમિતભાઈ ઠાકરે સમાજની સખાવત અને સાહસિકતાને બિરદાવતા જણાવ્યું હતું કે, આજના આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના યુગમાં અમદાવાદ શિક્ષણનું વૈશ્વિક કેન્દ્ર બની રહ્યું છે, ત્યારે જોધપુર વિસ્તારમાં નિર્માણ પામેલું આ અત્યાધુનિક ભવન બહારથી આવતા વિદ્યાર્થીઓ માટે ખૂબ જ પ્રેરણાદાયી સાબિત થશે. ઈસરો અને આધ્યાત્મિક સંસ્થાની સમીપ આવેલ આ સંકુલમાં ઉપલબ્ધ વિશાળ રૂમ્સ અને મલ્ટીપર્પસ હોલ જેવી સુવિધાઓ યુવાઓને મોટા વિચારો સાથે વૈશ્વિક ફલક પર આગળ વધવાની નવી ઊર્જા આપશે. કાર્યક્રમની શરૂઆતમાં સંસ્થાના અગ્રણી શ્રી કીર્તિભાઈ સંઘવીએ પ્રાસંગિક પ્રવચન કરતા સંસ્થાની સામાજિક સેવા પ્રવૃત્તિઓની રૂપરેખા આપવાની સાથે નવનિર્મિત ભવનના નિર્માણ પાછળના ઉદ્દેશ્યો અને તેનાથી સમાજને મળનારા લાભો વિશે પ્રકાશ પાડ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે અમદાવાદના જોધપુર વિસ્તારમાં નિર્માણ પામેલ આધુનિક સંકુલમાં સુવિધાજનક ગર્લ્સ હોસ્ટેલ, બોય્ઝ હોસ્ટેલ અને અતિથિ ભવનની ઉત્કૃષ્ટ વ્યવસ્થા છે. આ હાઈટેક ભવનમાં વિદ્યાર્થીઓ માટે હેલ્ધી અને હાઈજીનિક ફૂડ માટે વેલ-મેઈન્ટેન્ડ કિચન, શાંતિપૂર્ણ વાતાવરણ સાથેની અદ્યતન લાઈબ્રેરી, સંપૂર્ણ વાઈ-ફાઈથી સુસજ્જ કમ્પ્યુટર લેબ, ફિટનેસ માટે જીમ, સેમિનાર માટે કોન્ફરન્સ હોલ તથા વિશાળ કમ્યુનિટી હોલ ઉપલબ્ધ છે.

આ ઉપરાંત, ૨૪/૭ સુરક્ષા વ્યવસ્થા સાથે બેઝમેન્ટ અને ગ્રાઉન્ડ ફ્લોર પાર્કિંગ જેવી તમામ પાયાની સગવડોથી આ સંકુલને સજ્જ કરવામાં આવ્યું છે. આ લોકાર્પણ સમારોહમાં મુખ્યમંત્રીશ્રીના ખાસ ફરજ પરના અધિકારી અને ફ્મ્ઝ સમજના અગ્રણી શ્રી ધીરજ પારેખ સહિત ગુજરાત અને દેશ-વિદેશના વિવિધ સ્થળોએથી પધારેલા સમસ્ત ફ્મ્ઝ પરિવારના અગ્રણીઓ, શ્રેષ્ઠીઓ, વિવિધ સંસ્થાઓના પ્રતિનિધિઓ તેમજ સમાજના ભાઈ-બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.



કમલમ્,

ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ બનાસકાંઠા જિલ્લા સ્થિત સુપ્રસિદ્ધ મગરવાડા તીર્થ ખાતે શ્રી મણિભદ્ર વીર મહારાજના દર્શન કર્યા હતા અને સૌની સુખાકારી માટે પ્રાર્થના કરી હતી.

# દસ્ક્રોઈના પરઢોલ ગામની નવી લાઈબ્રેરી હવે 'બાલિકા પંચાયત લાઈબ્રેરી' તરીકે ઓળખાશે

કમલમ્,

અમદાવાદ જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી હેઠળ કાર્યરત સંકલ્પ-હબ ફોર એમ્પાવરમેન્ટ ઑફ વિમન યોજનાની ટીમના માર્ગદર્શન હેઠળ દસ્ક્રોઈ તાલુકાના પરઢોલ ગામની બાલિકા પંચાયત દ્વારા આંગણવાડી કેન્દ્ર તથા ગ્રામ પંચાયતની વિશેષ મુલાકાત લેવામાં આવી હતી. આ મુલાકાત દરમિયાન બાલિકા પંચાયતની ઉત્સાહી દીકરીઓએ ગ્રામ પંચાયતની વહીવટી કામગીરી, સ્થાનિક સ્વરાજ્યની વ્યવસ્થા તેમજ ગામમાં ચાલી રહેલા વિવિધ વિકાસલક્ષી કાર્યો અંગે રસપૂર્વક વિસ્તૃત માહિતી મેળવી હતી. બાલિકા પંચાયતની દીકરીઓમાં જોવા મળેલા અદ્ભુત આત્મવિશ્વાસ, નેતૃત્વ ક્ષમતા, જિજ્ઞાસા અને સમાજ પ્રત્યેની જવાબદારીની ઉમદા ભાવનાથી ગામના સરપંચશ્રી અત્યંત પ્રભાવિત થયા હતા. દીકરીઓના આ પ્રશંસનીય અભિગમને બિરદાવવા માટે સરપંચશ્રીએ આગામી સમયમાં ગામમાં નિર્માણ પામનાર નવી આધુનિક લાઈબ્રેરીને 'બાલિકા પંચાયત લાઈબ્રેરી' નામ આપવાની એક અનોખી અને ગૌરવપૂર્ણ જાહેરાત કરી હતી. આ ઉપરાંત સરપંચશ્રીએ ગામની બાલિકાઓના શિક્ષણ, સુરક્ષા, આરોગ્ય, વ્યક્તિત્વ વિકાસ અને સશક્તિકરણને સ્પર્શતા તમામ મહત્વના મુદ્દાઓમાં બાલિકા પંચાયત સાથે સતત સંકલન સાધીને કાર્ય કરવાની મક્કમ પ્રતિબદ્ધતા પણ વ્યક્ત કરી હતી. આ વિશેષ પ્રસંગે બાલિકા પંચાયતની દીકરીઓને સમાજમાં આગળ આવીને નેતૃત્વની સક્રિય ભૂમિકા નિભાવવા માટે પ્રોત્સાહિત કરવામાં આવી હતી, જે બાલિકાઓના સશક્તીકરણ અને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ સાથે તેમના જોડાણનું એક ઉત્તમ અને પ્રેરણાદાયી ઉદાહરણ પૂરું પાડે છે.





કમલમ્,

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન સંસ્થા શ્રી માણેકલાલ એમ. પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સિસ એન્ડ રિસર્ચ, સેક્ટર ૨૩, ગાંધીનગર ખાતે ૧૫ જુલાઈ ૨૦૨૬ ના રોજ બીએસસી પ્રથમ વર્ષનાં વિદ્યાર્થીઓ માટે સંસ્થા અને નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર ધ્વારા રોડ સેફ્ટી અંતર્ગત જાગૃતતા આવે તે માટે એક વર્કશોપ નુ આયોજન કરવામાં આવેલું હતું. જેમા બધા વિધાર્થીઓ ને વાહન ચલાવતી વખતે કઈ કઈ બાબતો નું ધ્યાન રાખવુ જોઈએ અને રસ્તામાં આવતા જુદા જુદા સાઈન બોર્ડ શું સૂચવે છે એની માહિતી આપવામાં આવી. ત્યારબાદ અલગ અલગ ગ્રુપ બનાવીને એક પ્રશ્નોતરી ની સ્પર્ધા પણ કરવામા આવી અને જે વિજેતા બચ્યા તેમને તેમના સ્કોર મુજબ ઈનામ આપીને પ્રોત્સાહિત કરવામા આવ્યા.

# સરસ્વતી રિવરફ્રન્ટના નિર્માણબાદ વરસાદી પાણીના સંચય અને ભૂગર્ભ જળના સતત રિચાર્જથી કાર્યરત :ધારાસભ્ય શ્રી બલવંતસિંહ રાજપૂત



કમલમ્,

સિદ્ધપુર શહેરના પશુવાદળની પોળ પાસે આવેલ નગરપાલિકાનો જેકવેલ વર્ષોથી માત્ર એકવિકલ્પરૂપ જળસ્ત્રોત બની રહ્યો હતો,પરંતુ સમય જતાં ભૂગર્ભ જળસ્તર નીચે જતાં જેકવેલની કાર્યક્ષમતા ઘટી ગઈ હતી,આજેઆ જ જેક્વેલને ફરી સંપૂર્ણક્ષમતા સાથે પુનર્જીવિત કરી કાર્યરત બનાવવામાં આવ્યો છે, જેના મૂળમાં માત્ર ટેકનિકલ કામગીરી જ નહીં પરંતુ ધારાસભ્ય શ્રી બલવંતસિંહ રાજપૂતના દુરંદેશી આયોજન અને વિકાસલક્ષી અભિગમ નું જીવંત પરિણામ સરસ્વતી રિવરફ્રન્ટ ના નિર્માણ બાદ વરસાદી પાણીના સંચય અને ભૂગર્ભ જળના સતત રિચાર્જથી કાર્યરત બની શક્યુ છે, આ પ્રસંગે નગરપાલિકા ના સદસ્યશ્રીઓ દ્વારા ધારાસભ્ય શ્રી બલવંતસિંહ રાજપૂત ને સાલ ઓઢાડીને સન્માન કરવા માં આવ્યું, સરસ્વતી રિવરફ્રન્ટ ના નિર્માણ બાદ ભૂગર્ભ જળનું રિચાર્જિંગ થતાં આસપાસના વિસ્તારના પાણીના તળમાં નોંધપાત્ર વધારો થયો છે. આ કુદરતી રિચાર્જના કારણે જેક્વેલમાં ફરી પૂરતા પ્રમાણમાં પાણી ઉપલબ્ધ બન્યું, જેના પરિણામે આજે તેને સફળતા પૂર્વક પુનર્જીવિત કરી શહેરીજનોની સેવામાં કાર્યરત કરી શકાયું છે. હાલ તારંગા થી અંબાજી ના રેલવે ના પ્રોજેક્ટ નું કામ હાથ પર છે ત્યારે ધરોઈ પાઈપ લાઈન સિફ્ટિંગ અર્થે વિસનગર, ખેરાલુ, વડનગર, સતલાસણા,ઊંઝા જ્યાં જ્યાં ધરોઈ ના પીવા ના પાણી જાય છે ત્યાં ૩ થી ૪ દિવસ ધરોઈ નો પાણી સપ્લાય બંધ રહેશે પીવા ના પાણી ની સમસ્યા પણ થશે પરંતુ હવે આ પુનર્જીવિત જેકવેલ સિદ્ધપુર શહેર માટે મજબૂત વિકલ્પરૂપ જળસ્ત્રોત તરીકે ઉપયોગી બનશે,જેનો લાભ સમગ્ર શહેરને આવનારા વર્ષોમાં મળશે. પુનર્જીવિત થયેલ જેકવેલનું સિદ્ધપુર નગરપાલિકાના કાર્યદક્ષ પ્રમુખ શ્રી રણજીતસિંહ ઠાકોર ના હસ્તે શરૂ કરવામાં આવ્યો હતો,આ પ્રસંગે સિદ્ધપુર નગરપાલિકાના ચીફ ઓફિસર શ્રી કૃપેશભાઈ પટેલ,ઉપ પ્રમુખ શ્રી પ્રમોદભાઈ પટેલ, કારોબારી ચેરમેન શ્રી અંકુરભાઈ મારફતિયા,વોટર વર્ક્સ વિભાગના એન્જિનિયર શ્રી વિનોદભાઈ પટણી, વોટર વર્ક્સ કમિટીના ચેરમેન શ્રી સંજયભાઈ શુક્લ, સ્થાનિક કોર્પોરેટર શ્રીમતી કશિશબેન ક્રિપલાની, શ્રીમતી તન્વિબેન દવે તેમજ નગરપાલિકાના અધિકારીઓ અને આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા...



કમલમ્,

વ્યારા વિધાનસભાના પ્રવાસ દરમિયાન ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્માની વિશેષ ઉપસ્થિતિમાં આજે વિવિધ મોરચાની સંયુક્ત બેઠક યોજાઈ હતી જેમાં તેઓએ વિવિધ મોરચાના હોદ્દેદારો અને કાર્યકર્તાઓ સાથે સંગઠનાત્મક ચર્ચા કરી હતી. આ પ્રસંગે શ્રી વિશ્વકર્માએ સંગઠનની શક્તિને વધુ સશક્ત બનાવવા માટે પરસ્પર સમન્વય, સક્રિય કાર્યપદ્ધતિ અને જનસંપર્કને વધુ વેગવાન બનાવવાના મુદ્દાઓ પર માર્ગદર્શન આપ્યું હતું તેમજ કાર્યકર્તાઓને સેવાભાવ અને સમર્પણની ભાવના સાથે સંગઠનના કાર્યક્રમોને વધુ અસરકારક રીતે જનજન સુધી પહોંચાડવા આહ્વાન કર્યું હતું.



કમલમ્,

તારીખ ૧૮.૭. ૨૦૨૬ ના દિવસે ઉનાઈ રોડ વ્યારા ખાતે આશરે ૫૩ વર્ષ જુના પૌરાણિક વિશ્વકર્મા મંદિર નું નવનિર્માણ થવા જઈ રહ્યું છે ત્યાં ગુજરાતના યશસ્વી પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્માના વરદ હસ્તે ભૂમિ પૂજન કરવામાં આવ્યું. જેમાં પંચાલ સમાજના સર્વે ભાઈઓ અને બહેનો હાજર રહ્યા.

# સંગઠનની શકિતને વધુ સશકત બનાવવા પરસ્પર સમન્વય, સક્રિય કાર્યપદ્ધતિ અને જનસંપર્કને વધુ વેગવાન બનાવવા અંગે સંયુકત મોરચા બેઠકમાં કાર્યકરોને માર્ગદર્શન આપતા શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા

## સરકારની જનકલ્યાણકારી યોજનાઓનો લાભ અંતિમ વ્યક્તિ સુધી પહોંચે તે માટે સતત પ્રયત્નશીલ રહેવા ચુંટાયેલા જનપ્રતિનિધિઓને આહ્વાન કરતાં શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા



કમલમ્,

ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા બનાસકાંઠાના પવિત્ર મગરવાડા તીર્થ ખાતે પરમ પૂજ્ય ગચ્છાધિપતિ આચાર્ય દેવશ્રી પ્રદ્યુમ્નવિમલ સૂરીશ્વરજી મહારાજ સાહેબના ભવ્ય નગર પ્રવેશ મહોત્સવમાં ઉપસ્થિત રહ્યાં હતાં. શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ આ શુભ પ્રસંગે ઉપસ્થિત રહેવા તેમજ પૂજ્ય સંતોના દર્શન અને આશીર્વાદ પ્રાપ્ત કરવાનો અમુલ્ય અવસર પ્રાપ્ત થવા બદલ આનંદની લાગણી વ્યક્ત કરી હતી. આ પ્રસંગે રાજ્ય સરકારના મંત્રી શ્રી પ્રવીણભાઈ માળી, ધારાસભ્ય શ્રી બલવંતસિંહ રાજપૂત, બનાસકાંઠા જિલ્લા ભાજપા પ્રમુખ શ્રી કિર્તિસિંહ વાઘેલા, પ્રભારી શ્રી ધવલભાઈ દવે, પૂર્વ સાંસદ અને પૂર્વ કેન્દ્રીય મંત્રી શ્રી હરિભાઈ ચૌધરી, આગેવાનો, અગ્રણીઓ સહિત મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યાં હતાં.

### મીડિયાના મિત્રો સાથે સંવાદ કરી સમાજ સુધી સમાચાર અને માહિતી પહોંચાડવામાં મીડિયાની મહત્વપૂર્ણ ભૂમિકાની પ્રશંસા કરી વિવિધ સકારાત્મક સૂચનો પ્રાપ્ત કરી જાહેર હિતના વિવિધ વિષયો પર વિચાર-વિમર્શ કરતા શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા



કમલમ્,

ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ 'વન ડે, વન અસેમ્બલી'ના સંકલ્પ અંતર્ગત તાપી જિલ્લામાં સમાવિષ્ટ વ્યારા વિધાનસભાનો વ્યાપક પ્રવાસ કર્યો હતો. પ્રવાસની શરૂઆત દરમિયાન શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ તાપી જિલ્લાના વ્યારા ખાતે ભગવાન શ્રી વિશ્વકર્મા દાદાના ભવ્ય મંદિરના જીર્ણોદ્ધાર કાર્યનું ભૂમિપૂજન કર્યું હતું. આ પ્રસંગે તેમણે ભગવાન શ્રી વિશ્વકર્મા દાદાના આશીર્વાદ સૌના જીવનમાં સુખ, શાંતિ, સમૃદ્ધિ અને ઉત્તમ સ્વાસ્થ્ય પ્રદાન કરે તેવી મંગલકામના વ્યક્ત કરી હતી. ત્યારબાદ તેમણે 'એક પેડ માં કે નામ' અભિયાન અંતર્ગત કાર્યકર્તાઓ સાથે વૃક્ષારોપણ કરી પર્યાવરણ સંરક્ષણ અને હરિત જીવનશૈલીનો સંદેશ આપ્યો હતો. વ્યારા સ્થિત કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ખાતે આયોજિત પ્રાકૃતિક કૃષિ સંવાદમાં પ્રદેશ અધ્યક્ષશ્રીએ ધરતીપુત્રો સાથે વિસ્તૃત ચર્ચા કરી હતી. તેમણે પ્રાકૃતિક ખેતીને પર્યાવરણમૈત્રી, જમીનની ઉર્વરતા જાળવી રાખતી તેમજ આરોગ્ય માટે લાભદાયી ખેતપદ્ધતિ ગણાવી તેના વ્યાપક સ્વીકાર પર ભાર મૂક્યો હતો. સાથે જ પ્રાકૃતિક ખેતી અપનાવી રહેલા ખેડૂત મિત્રોના પ્રયાસોને બિરદાવ્યા હતા. ડૉ. શ્યામાપ્રસાદ મુખર્જી ટાઉનહોલ ખાતે આયોજિત બૂથ સંવાદ કાર્યક્રમમાં શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ વિધાનસભા વિસ્તારના તમામ બૂથોના કાર્યકર્તાઓ અને આગેવાનો સાથે સંવાદ કર્યો હતો. તેમણે કાર્યકર્તાઓને સંગઠનની કરોડરજ્જુ અને સૌથી મોટી તાકાત ગણાવ્યા હતા અને તેમના અનુભવો સાંભળ્યા હતા તેમજ સંગઠનને વધુ મજબૂત બનાવવા વિવિધ વિષયો પર માર્ગદર્શન આપ્યું હતું. ત્યારબાદ પ્રદેશ અધ્યક્ષશ્રીએ ભાજપાના ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ સાથે સંવાદ કરી જનહિતલક્ષી કાર્યો અંગે વિસ્તૃત ચર્ચા કરી હતી. તેમણે જનપ્રતિનિધિઓને પ્રજાની જરૂરિયાતને કેન્દ્રસ્થાને રાખી વધુ સમર્પણભાવથી કાર્ય કરવા તેમજ સરકારની જનકલ્યાણકારી યોજનાઓનો લાભ અંતિમ વ્યક્તિ સુધી પહોંચે તે માટે સતત પ્રયત્નશીલ રહેવા આહ્વાન કર્યું હતું. પ્રવાસ દરમિયાન આયોજિત મોરચા સંયુક્ત બેઠકમાં શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ વિવિધ મોરચાના હોદ્દેદારો અને કાર્યકર્તાઓ સાથે સંગઠનાત્મક ચર્ચા કરી હતી. તેમણે સંગઠનની શક્તિને વધુ સશક્ત બનાવવા પરસ્પર સમન્વય, સક્રિય કાર્યપદ્ધતિ અને જનસંપર્કને વધુ વેગવાન બનાવવા અંગે માર્ગદર્શન આપ્યું હતું. સાથે જ સેવાભાવ અને સમર્પણની ભાવના સાથે સંગઠનના કાર્યક્રમોને વધુ અસરકારક રીતે જનજન સુધી પહોંચાડવા કાર્યકર્તાઓને પ્રેરિત કર્યા હતા. વરિષ્ઠ કાર્યકર્તાઓ સાથેના સંવાદમાં પ્રદેશ અધ્યક્ષશ્રીએ સંગઠનને મજબૂત બનાવવામાં તેમના અમૂલ્ય યોગદાનની પ્રશંસા કરી હતી. તેમણે વરિષ્ઠ કાર્યકર્તાઓના અનુભવો અને સૂચનો ધ્યાનપૂર્વક સાંભળતાં સંગઠનને વધુ મજબૂત બનાવવા સૌના સમન્વય, માર્ગદર્શન અને સક્રિય સહભાગિતા પર ભાર મૂક્યો હતો. ત્યારબાદ તાપી જિલ્લા ભાજપા કાર્યાલય ખાતે આયોજિત બૃહદ્ સંકલન બેઠકમાં પ્રદેશ અધ્યક્ષશ્રીએ સંગઠનના વિવિધ હોદ્દેદારો અને ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ સાથે વિસ્તૃત પરામર્શ કર્યો હતો. તેમણે સંગઠનાત્મક પ્રવૃત્તિઓને વધુ ગતિશીલ બનાવવા, આગામી કાર્યક્રમોની આયોજનબદ્ધ કામગીરી સુનિશ્ચિત કરવા તથા પરસ્પર સંકલનને વધુ અસરકારક બનાવવાના મુદ્દાઓ પર માર્ગદર્શન આપ્યું હતું. શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ વ્યારા ખાતે મીડિયાના મિત્રો સાથે આત્મીય મુલાકાત કરી હતી. લોકશાહીના ચોથા સ્તંભ તરીકે સમાજ સુધી સમાચાર અને માહિતી પહોંચાડવામાં મીડિયાની મહત્વપૂર્ણ ભૂમિકાની પ્રશંસા કરતાં તેમણે પરસ્પર સંવાદ કર્યો હતો. આ દરમિયાન મીડિયાના મિત્રો પાસેથી વિવિધ સકારાત્મક સૂચનો પ્રાપ્ત કરી સમાજજીવન અને જાહેર હિતના વિવિધ વિષયો પર વિચાર-વિમર્શ કર્યો હતો.

